Anokhee July 07 Final.qxd 7/5/2007 3:51 PM Page 60





ડૉ. મુકુલ ચોક્સી

# અતિકામુકતા તરફ દોરી જતી માનસિક બીમારીઓ

માનવીનું મન અકળ છે. એ બેકાબૂ બને ત્યારે માનવી પાસે ન કરવાનું કરાવે છે. તબીબી વિજ્ઞાન એને માનસિક બીમારીઓ તરીકે ઓળખાવી એનો ઈલાજ કરે છે. આવી માનસિક બીમારીઓમાં સપડાયેલી વ્યક્તિ અજાણતા અનિચ્છાનીય હરકતો કરી બેસે છે. અમુક એવા પણ માનસિક રોગ છે, જે ખોટા ડરને લીધે ઉદ્‌ભવે છે અને જેને પગલે વ્યક્તિની સેક્સલાઈફમાં અસંતોષ ઉદ્‌ભવે છે. આવી વ્યાધિઓ વિશે જાણીને અનેક પ્રકારની ગેરસમજ તથા ભ્રમથી બચી શકાય છે.

વાસુદેવભાઈની ઉંમર ૫૦ વર્ષ. સાદું, સરળ જીવન જીવતા વાસુદેવભાઈ પત્ની તથા બે યુવાન પુત્રી સાથે સુખી હતાં, પણ છેલ્લાં ત્રણેક વર્ષથી એમની ઊંઘ હરામ થઈ ગઈ હતી. તેમના વિચારતંત્ર ઉપર સેક્સ નામની ચીજે જબરદસ્ત કબજો જમાવી દીધો હતો. તેમને સવાર-સાંજ સેક્સના જ વિચારોથી પરેશાની રહેતી હતી. તે એટલે સુધી કે રસ્તે જતી આવતી કોઈ પણ સ્ત્રીના સ્તન ઉપર જ તેમની નજર જાય ! આટલું ઓછું હોય તેમ એપાર્ટમેન્ટ કે પડોશની કોઈ યુવતી પણ જો તેમની સામે આવે તો તેમનાથી તે યુવતીના સ્તનપ્રદેશ ઉપર જ નજર નખાઈ જાય !



સેક્સ જનનાંગોમાં નહીં, પણ માણસના મનમાં બિરાજે છે. આ વાત પુરુષો કરતાં સ્ત્રીઓ માટે કદાચ વધુ સાચી છે

છેવટે ત્રણ વર્ષ પહેલાં શરૂ થયેલી આ મનોદશા મનોમન એટલે સુધી આગળ વધી કે પોતાની સગી દીકરીઓના શરીર પર નજર પડે ત્યારે પણ વાસુદેવભાઈને સેક્સના જ વિચારો આવે. પોતાની વિકૃત થઈ રહેલી આ મનોદશાથી વાસુદેવભાઈ એટલા તો ત્રસ્ત હતા કે ધીમે ધીમે દીકરીઓથી દૂર ને દૂર જ રહેવા માંડ્યા.

પણ જગતમાં સ્ત્રીઓથી સદંતર અળગા રહેવું કંઈ થોડું જ શક્ય છે ? સવારે મંદિરે તો જવું જ પડે ! અને ત્યાં અસંખ્ય સ્ત્રીઓને જોવી પડે ! ભગવાનની હાજરીમાં ભક્તિ કરતી સ્ત્રીઓના સ્તન અને નિતંબો સામે જોઈ જોઈને વાસુદેવભાઈ પોતાના મનથી જ થાકી ગયા. અંતે અકળાઈને એકવાર તો એમણે ટીક-ટ્વેન્ટી જેવું ઝેર પણ ગટગટાવી દીધું, પણ સંજોગવશાત્ બચી ગયા !

કરુણતા તો એ હતી કે પોતાની આ કામવિકૃતિની વાત તેઓ કોઈને કહી શકે એમ પણ નહોતા! તેઓ કોઈને કઈ રીતે

સમજાવે કે પોતે આમ કરવા નથી માગતા પણ થઈ જાય છે ! એ તો સારું કે સતત ગોગલ્સ પહેરી રાખવાથી સામેવાળી સ્ત્રીને ખ્યાલ જ નહોતો આવતો કે વાસુદેવભાઈની નજર પોતાના ગુપ્તાંગો ઉપર પડે છે !

કોઈ વાસુદેવભાઈની આ વાત સાંભળે તો તેમને કામુક કે વિકૃત કહેવાની ભૂલ કરી બેસે ! હકીકતમાં વાસુદેવભાઈને 'ઓ.સી.ડી.' યા તો 'ઓબ્સેસિવ કમ્પલ્જિવ ડિસઑર્ડર' નામે ઓળખાતી એક માનસિક બીમારી થઈ હતી. જેમાં વ્યક્તિ પોતે જે કામ ક્યારેય ન જ કરવા માગતો હોય તે કામ કરી બેસે ! અને તેણે તે કરવું જ પડે ! દવાઓ તથા વર્તનલક્ષી સારવારથી આ બીમારી સાજી થઈ શકે છે.

આ ઘટના દ્વારા આપણે સમજી શકીએ છીએ કે ઉપર ઉપરથી સેક્સની સમસ્યા જણાતી હોય તેવી પરિસ્થિતિ ક્યારેક અજાણી એવી માનસિક બીમારીનો ભાગ હોય છે.

આવો જ બીજો એક કિસ્સો રૂપા નામની યુવાન છોકરીનો છે. રૂપા સુંદર, દેખાવડી, કૉલેજિયન યુવતી હતી. તે સુશીલ અને સંસ્કારી હતી, પણ છેલ્લા બે-ત્રણ મહિનાથી તેની વર્તણૂક બદલાઈ ગઈ હતી. તેનું હરવા-ફરવાનું વધી ગયું હતું. રાત્રે મોડે સુધી તે ઘરબહાર પાર્ટીઓમાં ભટકતી દેખાવા માંડી.

અજાણ્યા યુવાનોનો હાથ પકડીને 'હલો-હાય' કહેવામાં તેને કોઈ શરમ કે સંકોચ નડતાં નહોતાં. ક્યારેક તો મોટી ઉંમરના આધેડ પુરુષને પણ તે 'ઓહ ડિયર... સો સ્વીટ ઑફ યુ' કહીને તે જાહેરમાં વળગી પડતી. તેના ભાઈ તથા માતાપિતાએ રૂપાને છેલ્લા મહિનામાં ચારેક વાર મેથીપાક આપ્યો હશે ! અને તે એટલા માટે કે રૂપા બેડરૂમમાં પહેરતાં-શરમ આવે એવા કપડાં પહેરીને મંદિર યા કૉલેજમાં પહોંચી ગઈ હતી.

કોઈ સાંભળે યા રૂપાને આવું કરતાં જુએ તો એમ માની લે કે રૂપા હાઈ સોસાયટીની, અવળી લતે ચડી ગયેલી, વંઠેલી, નિમ્ફોમેનિયાક પ્રકારની, 'ચાલુ ટાઈપ'ની છોકરી હશે! પણ વાસ્તવિકતા સાવ અલગ જ હતી. હકીકતમાં રૂપા ખૂબ સંસ્કારી સ્વભાવની અને ખાનદાન ઘરાનાની છોકરી હતી. તેની આવી અવળચંડી હરકતો ક્યારેય નહોતી. તેનામાં 'ઉન્માદ' નામની માનસિક બીમારીએ ઊથલો માર્યો હતો. ઉન્માદને 'મેનિયા' તરીકે પણ ઓળખવામાં આવે છે. એ 'ડિપ્રેશન' કરતાં એક્ઝેટલી ઊલટા પ્રકારની બીમારી છે. જેમાં માણસ વાતોડિયો, ફ્લર્ટ કરતો, અતિઉત્સાહી, ખર્ચાળ અને ઝડપી બની જાય છે. પોતાની આ બીમારીના કારણે રૂપાની જાતીય હરકતો 'અસામાજિક' પ્રકારની બની ગઈ. મેનિયા (ઉન્માદ)ની દવા કરાય તો રૂપા તદ્દન સારી થઈ જાય. તે ફરી પાછી શરમાળ, સંકોચશીલ, લજ્જાશીલ અને સંસ્કારી બની જાય.

ઉપરોક્ત કિસ્સાઓમાં ઉલ્લેખાયેલી 'ઉન્માદ' તથા 'ઓ.સી.ડી.' તો કેવળ સેંકડો માનસિક બીમારીઓમાંની બે જ છે, જેમાં વ્યક્તિનું જાતીય વર્તન બદલાઈ જતું હોય. આ ઉપરાંત અસામાન્ય એવી તો અનેક માનસિક બીમારીઓ છે જે વ્યક્તિની સેક્સ લાઈફ યા જાતીયતાને ઉદ્દંડ, બેકાબૂ, વિચિત્ર, અસ્થિર યા સમજી ન શકાય એવી બનાવી દે છે !

કેટલીક અપવાદરૂપ તથા અસામાન્ય કહી શકાય એવી સેક્સની બીમારીઓ પણ જાણવા જેવી છે, જે ખરેખર મનની તકલીફો છે, પણ પ્રગટ સેક્સ દ્વારા થાય છે. મનોજાતીય વિકૃતિઓના આમ તો પારાવાર પ્રકારો હોય છે, પણ આ એક અનયુઝવલ પ્રકાર જાણવા જેવો છે-જેમાં વિકૃત કામેચ્છા વ્યક્તિને મોતના મોમાં પણ ધકેલી શકે છે.

આ રેર સાઈકોસેક્સ્યુઅલ ડિસઑર્ડરનો ભોગ બનેલ પુરુષને ખૂબ જ અલગ રીતે કામેચ્છા સંતોષવાની ટેવ પડી જાય છે. તેમાં તેને પોતાના ગળા ઉપર કેરોટીડ આર્ટરી નામે ઓળખાતી, રક્તનું વહન કરતી ધમની ઉપર આછું દબાણ આપવાની આદત પડે છે. આમ દબાણ આપવાથી મગજમાં જતા લોહીમાં સહેજ ઓછપ આવે છે. જેથી તે વ્યક્તિને 'જાતીય ઉત્તેજના'ની ઉર્ફે 'સેક્સ્યુઅલ એક્સાઈટમેન્ટ'ની એક નવા જ પ્રકારની 'કીક' લાગે છે. આ આનંદ લેતાં લેતાં તે હસ્તમૈથુન કરે છે અને આવું વારંવાર કરે છે. ખર્ચ વગર, એકાંતમાં, એકલા કરી શકાતી હોવાથી કેટલાકને આ પ્રવૃત્તિ દ્વારા એક પ્રકારની 'જાતીય કીક' મેળવવાનું વ્યસન થઈ જાય છે, પરંતુ આમ કરનારાઓમાંથી કેટલાક ભૂલ કરી બેસે છે. વધારે 'તીવ્ર કીક' મેળવવાની લહાયમાં તેઓ ક્યારેક પોતાના જ ગળા ઉપર વધારે પડતું દબાણ આપી દે છે, જેને પરિણામે ગળું રૂંધાઈ જાય છે; અને મગજમાં જતું લોહી ખૂબ ઓછું થઈ જાય છે. જેને પરિણામે કેટલાક યુવાનો રીતસરના મૃત્યુ પણ પામે છે.

'ઓટોઈરોટિક એસ્ફિક્સિયેશન' તરીકે ઓળખાતી આ કામવિકૃતિ સદ્ભાગ્યે અપવાદરૂપે જ પુરુષોને થતી હોય છે... નહીંતર કેટલાને માથે મોત ભમતાં હોત !

આવો જ મન અને સેક્સના જોડિયા પ્રદેશમાં ઉદ્ભવતા એક વિલક્ષણ મનોરોગનું નામ છે 'કોરો.' કોરો એ ભારતનાં પૂર્વોત્તર રાજ્યોમાં ક્યારેક નાનકડા 'એપિડેમિક' સ્વરૂપે જોવા મળતો મનોજાતીય રોગ છે, જે જે-તે પ્રદેશના યુવાનોને લાગુ પડે છે.

'કોરો'ના મિનિ એપિડેમિકનો ભોગ બનેલ યુવાનને અચાનક એવું લાગવા માંડે છે કે તેની જનનેન્દ્રિયની લંબાઈ ઘટવા માંડી છે અને ઘટતાં ઘટતાં તે કદાચ શૂન્ય થઈ જશે. પોતાના પુરુષાતનના પુરાવા સમા શિશ્નના કદમાં થતાં ઓચિંતા (અલબત્ત કાલ્પનિક) એવા આ ઘટાડાથી અત્યંત વ્યગ્ર અને ચિંતિત આ યુવાન જબરદસ્ત તણાવમાં આવી જાય છે અને તેની વાત જાણીને અન્ય યુવાનો પણ પોતપોતાની ઈન્દ્રિયના સંભવિત ઘટાડાથી ડરી જઈને દોડધામ મચાવી મૂકે છે. કોરો 'કલ્ચર બાઉન્ડ' ઉર્ફે 'સંસ્કૃતિજન્ય' રોગ છે અને અમુક પ્રજાતિઓના યુવાનોમાં ક્યારેક જ થાય

છે... બાકી મહાનગરોમાં વસતા અસંખ્ય પુરુષો આજેય પોતાના શિશ્નો જરૂર કરતાં ઓછું કદ ધરાવે છે એવી ગેરમાન્યતાઓથી પીડાતા ક્યાં નથી જોવા મળતા?

ડૉ. પ્રકાશ કોઠારી કાયમ કહેતા આવ્યા છે કે સેક્સ એ બે સાથળ વચ્ચેની નહીં બલકે બે કાન વચ્ચેની ચીજ છે અર્થાત્ સેક્સ જનનાંગોમાં નહીં, બલકે માણસના મનમાં બિરાજે છે. આ વાત પુરુષો કરતાં સ્ત્રીઓને માટે કદાચ વધારે સાચી છે. સ્ત્રીના સમગ્ર સેક્સજીવનનો આધાર તેના મનના નાના નાના સંચરણો ઉપર રહેલો હોય છે. આ વાત પુરવાર કરતો એક પ્રચલિત કિસ્સો યાદ કરવા જેવો છે.

'મીક જેગર' એ આગલી પેઢીના અમેરિકન પોપ સિંગર્સમાંનું એક બહુ લોકપ્રિય નામ. લાખો યુવાન- યુવતીઓ તેની પાછળ ઘેલાં હતાં. તેની તીવ્ર ચાહક એવી એક છોકરીના જીવનની આ સાચી દાસ્તાન છે. એ છોકરીને યુવાવસ્થાથી જ એવી ટેવ હતી કે 'મીક જેગર'નો મનમાં વિચાર કરતાં કરતાં હસ્તમૈથુન કરવું અને સેક્સની પૂર્ણ સંતુષ્ટિ મેળવવી. હવે આ છોકરી મોટી થતાં કોલગર્લ બની ગઈ. હજારો અવનવા પુરુષો સાથે તેને શરીરસંબંધ બાંધવા મળતો પણ તેને ક્યારેય સેક્સના અંતિમ આનંદ, ઉર્ફે ઓર્ગેઝમની અનુભૂતિ ન થતી. તે માટે તેણે પોતાની જુનીપુરાણી 'મીક જેગર સાથે સેક્સ'ની પરિકલ્પના ઉર્ફે ફેન્ટસીનો જ આધાર લેવો પડતો.



**વોયુરિઝમ એક પ્રકારની કામવિકૃતિ છે, જેમાં વ્યક્તિને બીજાની રતિક્રીડા કરતાં જોવામાં એક પ્રકારનો વિકૃત આનંદ મળે છે**

એવામાં એકવાર આકસ્મિક રીતે તેણીના નસીબમાં મીક જેગરને પોતાને એક રાત માટે એન્ટરટેઈન કરવાનો પ્રસંગ આવ્યો. તે ખૂબ ઉત્તેજિત થઈ ગઈ. આખી જિંદગી જે પુરુષની કલ્પનામાં તે રાચતી રહી હતી તે પુરુષ સાથે સાચેસાચ સહશયન કરવાનું આવ્યું હતું ! પરંતુ તે રાત્રિ પૂરી થયા બાદ તેનો અનુભવ જણાવતાં તે કહે છે કે મારા જીવનની એ સૌથી વધુ બોરિંગ, નિરાશાજનક અને આનંદ વગરની તે રાત્રિ હતી. તેને જરાય સંતોષ ન મળ્યો.

તો વાત આમ છે. એ સ્ત્રીનો આનંદ 'એક્ચ્યુઅલ' કરતાં 'વર્ચ્યુઅલ' વધારે હતો. તેને 'મીક જેગર' જોઈતો જ નહોતો, કેવળ મીક જેગરની ફેન્ટસી જ જોઈતી હતી. સેક્સ અને માણસના મનની વાતો આવી સૂક્ષ્મ હોય છે. બાય ધ વે આ મીક જેગર બે-ત્રણ વર્ષ પહેલાં જ ભારતની મુલાકાતે આવ્યો હતો- જોકે હવે એ વૃદ્ધ હોવાથી મ્યૂઝિકલ પરફોર્મન્સ નથી આપતો અને આ કિસ્સો સેક્સોલૉજીના પાઠ્યપુસ્તક સમા પુસ્તક 'હ્યુમન લવિંગ'માં ચર્ચાયો છે. જે પુસ્તક વિશ્વવિખ્યાત અમેરિકન સેક્સોલૉજિસ્ટ વિલિયમ માસ્ટર્સ તથા વર્જીનિયા જ્હોન્સન દ્વારા લખાયું છે.

સ્ત્રીઓની સેક્સ્યુઆલિટી તનસંચાલિત કરતાં મનસંચાલિત વધારે હોવાની વાત અન્ય ઘણા પ્રસંગો દ્વારા મુખર થતી જોવા મળે છે. જેમ કે 'વજાઈનિસ્મસ.' આ એક સામાન્ય બીમારીનું નામ છે; જેમાં લગ્ન પછી શરૂ શરૂમાં છોકરી સેક્સ ભોગવવા જાય છે, પણ દર્દ તથા પીડાને કારણે સેક્સ નથી ભોગવી શકતી. ઘણાં યુગલો છોકરીના આવા પીડાકારક અનુભવોથી થાકી-હારીને સેક્સ ભોગવવાના પ્રયત્નો જ પડતા મૂકી દે છે અને બે-પાંચ વર્ષ સુધી નિઃસંતાન રહેવાનો રસ્તો અપનાવે છે. છેવટે કુટુંબ તરફથી સંતતિપ્રાપ્તિનું દબાણ આવતાં તેઓ ડૉક્ટરનો સંપર્ક કરે છે.

'વજાઈનિસ્મસ'માં તકલીફ છોકરીના મનમાં જ હોય છે. તેને ડર હોય છે કે સેક્સ પીડાકારક નીવડશે. આ ડરથી તેના સાથળના સ્નાયુઓને છોકરી જોરથી ભીડી દે છે. જેને પરિણામે 'અનૈચ્છિક યોનિસંકુચન' થઈ જાય છે અને યોનિમુખમાં શિશ્નપ્રવેશ અશક્ય બની જાય છે. આમ તેમના લગ્ન 'અનકન્ઝયુમેટેડ' જ રહી જવા પામે છે.

છોકરી 'પીડા' નહીં બલકે 'પીડાના ડર'થી પીડા ભોગવે છે. તે જો આ ડરથી મુક્ત થાય તો તેના જનનાંગો આસાનીથી સંકુચન છોડીને સમાગમ માટે તૈયાર થઈ શકે છે.

આવો જ એક કિસ્સો મારી એક દર્દીનો છે. તે યુવતીને પોતાના પતિ સાથે સમાગમ કરતી વખતે પોતાના એક પરિચિત યુવકની કલ્પના કરવાની ટેવ હતી. એ કલ્પના વખતે જ તેને પરાકાષ્ઠા યા ઓર્ગેઝમનો આનંદ મળી શકતો. તે યુવકને પણ આ વાતની જાણ નહોતી, કેમકે તેઓ વચ્ચે કોઈ 'લગ્નેતર' સંબંધો નહોતા. હવે એકવાર એ યુવતી તથા યુવક વચ્ચે કોઈક નાની સામાજિક બાબતને લીધે તકરાર થઈ ગઈ. જેના પરિણામરૂપે યુવતી તેની પતિ સાથેના સેક્સ દરમિયાન, પહેલાંની જેમ કલ્પના ન કરી શકી. તો તેને ચરમસીમાનો આનંદ અનુભવાતો છેક જ બંધ થઈ ગયો. છેવટે તેઓ વચ્ચેની તકરાર મટી, ફરી પાછી પહેલાં જેવી દોસ્તી થઈ અને યુવતી પૂર્વવત્ પરિકલ્પના કરતી થઈ, ત્યાર બાદ જ તેને ફરીથી ઓર્ગેઝમનો આનંદ આવવો શરૂ થયો. આવું છે સ્ત્રીનું મન અને આવી છે તેમની સેક્સ લાઈફ !

Anokhee July 07 Final.qxd 7/5/2007 3:52 PM Page 63



❖ સમાજના દસેક ટકા જેટલા લોકોને કોઈ ને કોઈ માનસિક બીમારી ક્યારેક ને ક્યારેક ગ્રસે છે. આમાંની ઘણી માનસિક બીમારીઓ વ્યક્તિની સેક્સ લાઈફ ઉપર નેગેટિવ અસર પહોંચાડે છે. કેટલીક માનસિક બીમારીઓ દેખીતી હોય છે, જ્યારે કેટલીક અણદેખી રહી જાય છે.

❖ મેનિયા ઉર્ફે ઉન્માદ અવસ્થામાં વ્યક્તિને અચાનક ઉત્સાહ, અતિપ્રવૃત્તિશીલતા તથા આત્મવિશ્વાસનો આફરો ચડે છે. તેની અસર સેક્સ લાઈફ ઉપર પણ વર્તાય છે. વ્યક્તિ અચાનક પાર્ટનર પાસે વધુ પડતા સેક્સની માગણીઓ કરવા માંડે છે. એટલું જ નહીં જ્યાં બાધ્ય છે તેવી જગ્યાએ પણ સેક્સની માગણી કરી બેસે છે. ઓળખાણ - પિછાણ કે સ્વજન જેવી વ્યક્તિ સમક્ષ સેક્સની હરકતો કરે છે. તેનું જાહેર વર્તન પણ કામુક વૃત્તિઓથી રસાયેલું જોવા મળે છે. છેડછાડ, અભદ્ર-અશ્લીલ ચેનચાળા વગેરે વધી જાય છે. સામાન્ય સંજોગોમાં સ્ત્રીઓની સામે ન જોનાર વ્યક્તિ અચાનક બેકાબૂ બની સેક્સી ચેસ્ટાઓ કરતો જણાય તો ‘ઉન્માદ’ની શક્યતાઓ ચકાસી જોવી અને જો એ છોકરી હોય તો પોતાની શરમ-મર્યાદાને નેવે મૂકી પ્રવોકેટિંગ ડ્રેસ, ફૅશન, નિર્લજ્જ ચેષ્ટાઓ વગેરે કરતી પણ જોવા મળી શકે છે. આમાં ઉન્માદ રોગ (મેનિયા) એ વ્યક્તિની કથળેલી કામપ્રવૃત્તિઓ માટે જવાબદાર પરિબળ છે.

❖ મેનિયા એ સિક્કાની જો એક બાજુ હોય તો બીજી બાજુ છે ઉદાસી યા ડિપ્રેશન. ડિપ્રેશન નામની અતિ સામાન્ય એવી માનસિક બીમારીમાંય વ્યક્તિ તથા યુગલની સેક્સલાઈફ ઉપર ઘણી વિપરીત અસર પડે છે. જેમકે સેક્સની ઈચ્છા અતિશય મંદ યા બંધ થઈ જઈ શકે છે. એટલું જ નહીં સેક્સ પ્રત્યે તીવ્ર અણગમો યા ઘૃણા ઉત્પન્ન થઈ શકે છે. પુરુષોને કામઅનિચ્છાને કારણે શિશ્ન ઉત્થાનની ઊણપ, યોનિપ્રવેશની ક્ષમતાનો અભાવ તથા પરાકાષ્ઠાની સમસ્યા થઈ શકે છે. તે જ રીતે સ્ત્રીને કામેચ્છામાં ક્ષીણતા, અપૂરતું લ્યૂબ્રિકેશન, સમાગમ દરમિયાન પીડા, લાંબા ગાળાની અતૃપ્તિ, ચરમસીમામાં ક્ષતિ વગેરે થઈ શકે છે. ડિપ્રેશનમાં કેવળ સેક્સ જ નહીં બલકે આનુષંગિક પ્રવૃત્તિઓ જેવી કે ફોરપ્લે, રોમાન્સ, આફ્ટરપ્લે વગેરેમાં પણ નિરસતા ઉદ્‌ભવે છે. વળી, ડિપ્રેશન દૂર કરવા અપાતી ઘણી ખરી દવાઓ પણ સેક્સલાઈફમાં વિક્ષેપ ઊભો કરે છે. ડિપ્રેશનમાં કંટાળો, થાક, આળસ, ચીડિયાપણું, શંકા, વહેમ વગેરે પણ વધી જતાં હોવાથી પતિપત્નીના દામ્પત્યજીવનમાં પણ ક્લેશ થાય છે, જે પણ અનેક જાતીય સમસ્યાઓ તરફ દોરી જાય છે.

❖ ઓબ્સેસિવ કમ્પલ્ઝિવ ડિસઑર્ડર નામની એક જાણીતી માનસિક બીમારીમાં વ્યક્તિને અનેક સૂક્ષ્મ જાતીય ગ્રંથિઓ તથા કૉમ્પ્લેક્સીસ થઈ શકે છે. જાતીય ચૂંધીઓ તથા વરણાગીઓ વધી જાય છે. ભગવાન સાથે, માતાપિતા કે મિત્રો સાથે સેક્સ માણતા હોઈએ એવા વિચિત્ર તથા કોઈને કહેતાંય શરમ લાગે એવા જુગુપ્સાપ્રેરક વિચારો આવે છે. આમ, વ્યક્તિ સેક્સથી વધારે અળગી થતી જાય છે.

❖ એન્ટીસોશિયલ પર્સનાલિટી ડિસઑર્ડર ધરાવતા અસામાજિક લોકો બળાત્કાર, દાબદબાણપૂર્વકનો સેક્સ, કામવિકૃતિઓ વગેરેમાં સંડોવાય છે. તેમના પાર્ટનર્સની સેક્સ્યુઆલિટી પર આને લીધે વિપરીત અસર પડે છે.

❖ સ્કીઝોફ્રેનિયા એ એક એવી માનસિક બીમારી છે જેમાં વ્યક્તિની સેક્સ્યુઆલિટી છેક મૂળથી જ ડામાડોળ થઈ જાય છે. વ્યક્તિ તદ્દન જ સેક્સવિહીન થઈ જઈ શકે છે યા તો અતિકામી (હાઈપરસેક્સ્યુઅલ) વર્તન કરવા માંડે છે. સેક્સ અંગેના જે ‘પબ્લિક ઈન્હિબિશન્સ’ તથા ‘સોશિયલ રિસ્ટ્રિક્શન્સ’ સામાન્ય માણસના જીવનમાં પ્રવર્તતા હોય છે તેનો સ્કીઝોફ્રેનિક વ્યક્તિના વર્તનમાંથી સદંતર છેદ ઊડી જઈ શકે છે. સાથી તે સેક્સ સંદર્ભે કોઈ પણ વિચિત્ર વર્તન કરી શકે છે.

❖ એન્ક્ઝાઈટી ડિસઑર્ડરના ગભરાટિયા દર્દીઓ, ફોબિક તથા ફીયરફુલ, નર્વસ લોકો પણ પોતાની એન્ક્ઝાઈટીને લીધે સેક્સલાઈફ બગાડે છે. તેઓને સેક્સ અંગે જાતજાતના ભય, ડર, ગભરાટ વગેરે રહે છે. પીડા થાય છે. સેક્સને તેઓ એવોઈડ કરે છે.

❖ વળી, કામવિકૃતિઓ જેવી કે સેડિઝમ, એક્ઝિબિશનિઝમ મિઝોકિઝમ, વોયુરિઝમ, ફ્રોચ્યુરિઝમ, બેસ્ટિયાલિટી, પીડોફિલિયા, જેરેન્ટોફિલિયા પોતે પણ એક માનસિક બીમારી જ છે, જેને પેરાફિલિયા કહેવાય છે અને જેમાં માણસ પાર્ટનર સાથે એકાંતમાં સેક્સ માણવાને બદલે પોતાને એક્ઝપોઝ કરવામાં, અન્યોની કામપ્રવૃત્તિને ખાનગીમાં નિહાળવામાં, પાર્ટનરને પીડા આપવામાં, બાળકો સાથે રતિક્રીડા ભોગવવામાં વગેરેમાંથી વિકૃત આનંદ લે છે. ●